ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં તીવ્ર ઠંડીનું મોજુ

**૨૪ કલાકમાં પારો ૪ ડિગ્રી ગગડ્યો : કાશ્મીર અને ઉત્તરભારતના ઘણા વિસ્તારોમાં થયેલી હીમવર્ષાની સીધી અસર તળે ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૧.૪ ડિ.સે. પહોંચ્યું : જનજીવન પર અસર**



ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરમાં એક જ દિવસમાં પારો ૪ ડિગ્રી ગગડતા શહેરીજનો ઠંડીમાં ઠુંઠવાયા હતા. ઉત્તરભારતમાં થયેલી વ્યાપક હીમવર્ષાને પગલે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ગીરાવટ આવતા જનજીવન પર તેની ઘેરી અસર વર્તાઈ રહી છે.

ઠંડી ધીમે ધીમે જમાવટ કરી રહી છે. ડિસેમ્બરનો અંતિમ તબક્કો નજીક આવતા ઠંડી વધી રહી છે. ગુજરાતની ઠંડી આયાતી ઠંડી છે. ગુજરાતમાં ક્યાંય હીમવર્ષા થતી નથી તેમ છતાં શિયાળામાં ઘણી વખત લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની નીચે ગગડી જાય છે. ઉત્તરભારત અને કાશ્મીરમાં શિયાળા દરમ્યાન ઘણીવાર હીમવર્ષા થાય છે. જેટલીવાર ત્યાં હીમવર્ષા થાય છે તોટલીવાર ગુજરાતમાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળે છે. છેલ્લા બે દિવસથી ઉત્તરભારત અને કાશ્મીરના મોટાભાગના વિસ્તારોમાં હીમવર્ષા થઈ રહી છે. ઠેરઠેર બરફની સફેદ ચાદર છવાઈ ગઈ છે. જેની સીધી અસર તળે ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં પારો ગગડ્યો છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૫.૪ ડિ.સે. નોંધાયુ હતુ. જે આજે ૪ ડિગ્રી જેટલુ નીચે જતુ રહ્યુ હતુ અને પારો ૧૧.૪ ડિ.સે. સુધી પહોંચ્યો હતો. જ્યારે મહત્તમ તાપમાન ગઈકાલે ૨૯.૪ ડિ.સે. નોંધાયુ હતુ જેમાં બે ડિગ્રી જેટલી ગીરાવટ આવતા મહત્તમ તાપમાન ૨૭.૪ ડિ.સે. રહ્યુ હતુ. મહત્તમ તાપમાન ઘટતા દિવસ

● અનુસંધાન પાન-૭ પર

# નગરના સર્કલોને યુરોપની પેટર્ન પર વિકસાવાશે

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરના મુખ્ય માર્ગો પર સ્થિત સર્કલો નગરની આગવી ઓળખ છે. નવા નામાભિધાનના અંતે વિવિધ થીમ આધારિત સુશોભિત અને વિકસિત કરાયેલા સર્કલોની જાળવણીનુ કામ હાલ જવાબદાર સંસ્થા કરે છે. જયારે ટ્રાફિક સિગ્નલ અસ્તિત્વમાં આવ્યા બાદ ચાર રસ્તા પાસે સ્થિત સર્કલોના વિસ્તારમાં વાહનોનો ધમધમાટ વધુ જોવા મળે છે. નગરના સર્કલ એરિયાને યુરોપની પેટર્ન મુજબ ડેવલપ કરાશે. સર્કલની આસપાસના વિસ્તારની ૨૦ સે મી ઉંચાઈ કરી દેવાશે. ચારેય બાજુના કર્બીંગને પણ અપગ્રેડ કરી રેલીંગ ફીટ કરાશે જયારે સર્કલ આસપાસના વિસ્તારને રાત્રિના પણ જોઈ શકાય તેવા થર્મોપ્લાસ્ટીકના પેઈન્ટથી સુશોભિત કરાશે. ચ-૩ ના સર્કલનુ કામ વાઈબ્રન્ટ પુર્વે પુર્ણ કરી દેવાશે.

**સર્કલ ફરતેના એરિયાને હાઇલાઇટ કરવા ૨૦ સેમીના લેયર પર થર્મોપ્લાસ્ટીક પેઇન્ટના રંગથી નિખારાશે : જીબ્રા ક્રોસિંગ સહીત ચારેય બાજુના કર્બિંગને રેલીંગથી કવર કરાશે : વાઇબ્રન્ટ પુર્વે ચ-૩ ના સર્કલનુ કામ પુર્ણ કરી દેવાશે : પ્રાયોગિક કામગીરી બાદ મુખ્યમાર્ગના અન્ય ત્રણ સર્કલોને પણ આવરી લેવાશે : રોડ સેફટી અને સુશોભનના પરિબળોને ધ્યાને લઇ લાસાએ ડિઝાઇન તૈયાર કરી**

સર્કલોની નગરી તરીકે આગવી ઓળખ ધરાવતા નગરના વિવિધ સર્કલોને વિવિધ સંસ્થાઓ દ્વારા થીમ આધારરિત વિકસવાયા છે. શહેરમાં ૨૬ જેટલા સર્કલોને નવુ નામાભિધાન કરાયા બાદ સર્કલોને નામ મુજબ ડેવલપ કરવામાં આવ્યા છે. પરંતુ નગરમાં ચાર રસ્તા પાસે સ્થિત સર્કલો પાસે ટ્રાફિક સિગ્નલ અસ્તિત્વમાં આવ્યા બાદ આ વિસ્તારમાં ટ્રાફિકનો મિજાજ બદલાયો છે. સર્કલો પર અકસ્માત સહીત વાહનો પલ્ટી મારવાના કિસ્સાઓ પણ માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી પુરવાર થયા છે. આવા સંજોગોમાં વિકસતા રોડ નેટવર્કની વધતા ટ્રાફિક વચ્ચે સર્કલ વિસ્તારને પણ રોડ સેફટીના દ્રષ્ટીકોણથી અપગ્રેડ કરવા માટે નવતર આયોજન કરાયુ છે.શહેરના સર્કલોને યુરોપની પેટર્ન પર વિકસાવવા માટે આયોજન કરી દેવાયુ છે. અલબત્ત સર્કલ એરિયાની રોનક નિખારવા તેમજ રોડ સેફટીના પરિબળોને ધ્યાને લઈ લાસા દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

# લગ્ન પ્રસંગોને પગલે રાત્રિએ દિવાળી અને નવરાત જેવો માહોલ

**આકરી ઠંડી વચ્ચે પણ સેકટરોમાં આતંશબાજી વચ્ચે ગરબાની રમઝટ : ટુંકા લગ્ન ગાળામાં ઓછા મુહુર્તો વચ્ચે સેકટરોમાં ઠેર ઠેર લગ્ન મહોત્સવની રોનક**

ગાંધીનગર તા ૧૩

શહેરમાં ઠંડીની સાથે લગ્નસરાની મોસમ નિખરી છે. લગ્નસરાની મોસમ પુરબહારમાં ખિલતા સેકટરોમાં રાત્રિના સમયે પણ ધમધમાટ જોવા મળી રહ્યો છે. સેકટરોમાં કાતિલ ઠંડી વચ્ચે પણ રાત્રિના આતંશબાજી વચ્ચે ગરબાના સુર સંભળાય છે. ઠંડીના ચમકારા વચ્ચે ક્રેકર્સના ધમાકા સાથે ગરબાની રમઝટ જામે છે. સેકટરોમાં જાણે રાત્રિના સમયે નવરાત્રિ અને દિવાળી જેવા દ્રશ્યો જોવા મળે છે.

શહેરમાં એકબાજુ ઠંડીનો મિજાજ ઉગ્ર બનતા નગરનુ જનજીવન સુન્ન પડતુ જાય છે. નગરના મુખ્યમાર્ગો પર રાત્રિના સમયે પાંખી અવરજવર દેખાય છે. ઠંડીનો પારો ૧૧ ડિગ્રીની આસપાસ પહોંચતા કોલ્ડવેવથી બચવા માટે આમ નાગરિકો ઘરની બહાર કામ સિવાય જવાનુ પસંદ કરતા નથી. બીજીતરફ સેકટરોમાં ઠેર ઠેર સાંજ ઢળતા દિવસ ઉગ્યો હોય તેવો નઝારો જોવા મળે છે. લગ્નના મુહુર્તો પણ ગણતરીના દિવસો પુરતા જ હોવાથી શહેરમાં ટુંકા ગાળામાં લગ્નસરાની મોસમ પુરબહારમાં છે. સેકટરોની ગલીઓમાં ઠેર ઠેર લગ્નમંડપની સજાવટ જોવા મળી રહી છે. આકરી ઠંડીમાં લગ્નગીતોનુ ગુંજન સંભળાય છે. જયારે લગ્ન મહોત્સવને અનુલક્ષી સેકટરોમાં રાત્રિના સમયે ઠેર ઠેરગરબાની રમઝટ વચ્ચે નવરાત્રિ જેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જયારે અવનવા આકાશને રંગીન બનાવતા ફટાકડાના લીધે દિવાળી જેવો નઝારો આંખ સામે ખડો થાય છે. લગ્નમહોત્સવના લીધે રોશનીનો ટ્રેન્ડ પણ વધ્યો છે. ત્યારે સેકટરોમાં રાત્રિના સમયે ઠંડીના મોજા વચ્ચે લગ્નમહોત્સવની મોજ જામી છે.

## મેયર પક્ષાંતરધારાના કેસમાં આગામી ૧૯મી ડિસેમ્બરે વધુ સુનાવણી થશે

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગર મહાનગરપાલિકના મેયર પ્રવિણ પટેલના પક્ષાંતર ધારાના કેસના મામલે સ્થાનિક રાજકારણમાં ગરમાવો છે. ત્યારે બન્ને રાજકીય પક્ષોના નેતાઓની મીટ પણ આ તરફ મંડરાયેલી છે. આ મામલે કોર્ટે આજે આ મામલે આગામી તા ૧૯ ડિસેમ્બરના રોજ સુનાવણી કરવાનો આદેશ કર્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરની ટર્મ પુરી થતા નવા મેયર , ડેપ્યુટી મેયર તેમજ સ્થાયી સમિતિના સભ્યો માટે અગાઉ ચુંટણી યોજવામાં આવી હતી.બીજીતરફ પ્રવિણ પટેલ સામે વિરોધપક્ષ દ્વારા પક્ષાંતર ધારાની ફરિયાદનો મુદ્દો ઉઠાવાયા બાદ હાઈકોર્ટ ચુંટણીનુ પરિણામ બંધ કવરમાં રાખવા આદેશ કર્યો હતો. આ દરમિયાન વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા અને કોંગી કોર્પોરેટર પીંકીબેન પટેલે અલગ અલગ અરજીઓ રજુ કરી આ ચુંટણી ગેરબંધારણીય રીતે કરવામાં આવી હોવાનો દાવો કરી રદ કરવા માંગણી કરી હતી. આ કેસ સંદર્ભે તબક્કાવાર સુનાવણી પણ હાથ ધરવામાં આવી રહી છે. આ મામલે અગાઉ પ્રવિણ પટેલના એડવોકેટ દ્વારા નવુ એફીડેવીટ પણ રજુ કરવામાં આવ્યુ હતુ. જેના લીધે કોર્ટ દ્વારા આ પક્ષાંતર ધારાનો કેસ નોટ બી ફોર મી કરી દેવાયો હતો. જયારે ચીફ જસ્ટીસ દ્વારા આ પક્ષાંતર ધારાની ફરિયાદ સંદર્ભના કેસની સુનાવણી જજ બેલાબેન ત્રિવેદીની કોર્ટમાં મોકલી આપવામાં આવી હતી. જયારે હવે આ કેસ મામલે આગામી તા ૧૯મીએ સુનાવણી હાથ ધરાશે

# નગરમાં જીવલેણ અકસ્માત કરનારા દોષિત વાહનચાલકોના લાયસન્સ રદ થશે

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાં માર્ગ સલામતીના મામલે તંત્ર જાગૃત બન્યુ છે. નગરમાં ટ્રાફિક સિગ્નલ અસ્તિત્વમાં આવ્યા બાદ ટ્રાફિક નિયમનના ભંગ બદલ મેમો મોકલાવીને દંડ વસુલી કરવામાં આવી રહી છે.જયારે હવે જીવલેણ અકસ્માતના કિસ્સામાં આર ટી ઓ કચેરી દ્વારા દોષિત વાહનચાલકોના લાયસન્સ રદ કરવા સુધીના પગલા લેવાશે. આ મામલે આર ટી ઓ એ પોલીસ તંત્રને પત્ર લખીને પણ જાણ કરી છે.

ગાંધીનગરમાં વિસ્તરતા રોડ નેટવર્ક વચ્ચે માર્ગ સલામતીના નામે હજુ પણ મીંડુ ચિતરાયેલુ છે. નગરના મુખ્ય માર્ગો પર બેફામ જતા વાહનચાલકો ગમે ત્યારે અકસ્માતનો ભોગ બને છે. શહેરના માર્ગોપર વધતા ટ્રાફિકના ધમધમાટ વચ્ચે અકસ્માતો અને મૃત્યુનો ભોગ બનતા વાહનચાલકોનો આંકડો પણ ચોંકાવનારો હોવાનુ અનેકવાર પ્રકાશમાં આવ્યુ છે . ત્યારે શહેરમાં ટ્રાફિક નિયમનની સાથે ટ્રાફિક સિગ્નલ પણ શરૂ કરી દેવાયા છે. સી સી ટી વી કેમેરાની વોચ હેઠળ ટ્રાફિક નિયમનના ભંગ બદલ વાહન ચાલકોને દંડવાનુ પણ શરૂ કરી દેવાયુ છે. જયારે શહેરમાં થતા જીવલેણ અકસ્માતો પ્રત્યે આમ નાગરિકો વધુ સજાગ બને અને આ પ્રકારના અકસ્માતો અટકાવી શકાય તે માટે આર ટી ઓ તંત્ર એ પણ કડક વલણ અપનાવ્યુ છે. જયારે આર ટી ઓ કચેરીએ પણ આ મામલે કડક નિયમો બનાવી તેનો અમલ કરવા માટે આયેજન કરી દીધુ છે.અકસ્માતના કિસ્સામાં

**આરટીઓએ કડક વલણ અપનાવી પોલીસને પત્ર લખ્યો : માર્ગ સલામતી માટે અસરકારક આયોજન**

દોષિત વાહનચાલકોના લાયસન્સ આર ટી ઓ માં જમા કરાવાના હોય છે. જે અન્વયે છેલ્લા આઠ મહીનાના સમયગાળા દરમિયાન ૬૬ જેટલા લાયસન્સ પણ જમા કરાવાયા છે. જયારે હવે નગરમાં જીવલેણ અકસ્માત કરનારા વાહનચાલકોના લાયસન્સ પણ રદ

● અનુસંધાન પાન-૭ પર

# સે-૧૭માં વાઈબ્રન્ટ એકઝિબીશન માટે પુર્વ તૈયારી

ગાંધીનગર તા ૧૩

આગામી જાન્યુઆરી મહીનામાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૯ને અનુલક્ષીને તંત્ર



દ્વારા શહેરમાં જોરશોરથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. નગરને વાઈબ્રન્ટ લુક આપવા માટે તેજ ગતિએ કામગીરી હાથ ધરાઈ છે. જયારે વાઈબ્રન્ટ દરમિયાન સે-૧૭ માં હેલીપેડ મેદાન પર સ્થિત વિવિધ ડોમ્સમાં યોજાનારા મેગા એકઝિબીશનને અનુલક્ષીને પણ ઉચ્ચ અધિકારીઓએ સ્થળ પર રાઉન્ડ લીધો હતો. આ દરમિયાન સંબંધિત વિભાગના અધિકારીઓને સફાઈ, ટ્રીમીંગ તેમજ રસ્તા અને લાઈટની સુવિધાઓને યોગ્ય કરવા માટે આનુસંગિક કામગીરી હાથ ધરવા માટે પણ સુચના આપવામાં આવી હતી.

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને આગામી જાન્યુઆરી મહીનામાં યોજાનારા મેગા એકઝીબીશનને અનુલક્ષી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. એકઝિબીશનમાં દેશ વિદેશની અનેક કંપનીઓ ભાગ લેતી હોવાથી આ પ્રદર્શન ગેલેરીમાં લાખો મુલાકાતીઓ આવે છે. જયારે આ માટે જરૂરી આનુસંગિક વ્યવસ્થાઓ યોગ્ય કરવા માટે પણ તંત્ર કક્ષાએથી પુર્વતૈયારીઓ હાથ ધરવામાં આવે છે. આગામી વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૯ માં યોજાનારા એકઝિબીશનને અનુલક્ષીને સે-૧૭ ના હેલીપેડ મેદાન પર સ્થિત વિવિધ ડોમ્સની સફાઈ તેમજ એ સી પ્લાન્ટની જાળવણીનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે.જયારે હાલ આ ઠેકાણે માર્ગોપરના ગાબડા દુર કરવા તેમજ સ્ટ્રીટ લાઈટોનુ પણ ચેકીંગ કરવામાં આવી રહ્યુ છે. વધુમાં એકઝીબીશન સ્થળને અનુલક્ષીને નડતર રૂપ વૃક્ષોના ડાળાઓ દુર કરવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત સ્થળ સાથે જોડાયેલા સે-૧૭ માં હનુમાનજી મંદિર તરફ જવાના માર્ગ પર નમી પડેલી વૃક્ષોની ડાળીઓ યોગ્ય કરી જરૂરી સફાઈ માટે પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. અગાઉ એકઝિબીશન સ્થળ પર વિવિધ ડોમની સફાઈ સહીત એ સી પ્લાન્ટ બરાબર કામ કરે છે કેમ તે અંગે પણ ચકાસણી હાથ ધરી તંત્ર દ્વારા જરૂરી કામીગીરી હાથ ધરાઈ હતી. જયારે એકઝિબીશન સેન્ટરની મુલાકાતે દેશ વિદેશના મહાનુભાવો પણ આવતા હોવાથી આ ઠેકાણે પણ સલામતીના પરિબળો સહીત જરૂરી સુવિધાઓનો પણ વિશેષ ખ્યાલ રાખવા માટે તંત્રએ પુર્વ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ગઈકાલે પણ ઉચ્ચ અધિકારીઓની ટીમે એકઝિબીશન સ્થળની મુલાકાત લીધી હતી. આ દરમિયના સંબંધિત વિભાગના અધિકારીઓને જરૂરી સુચના આપી હતી.

**સ્થળ મુલાકાત લઇ ઉચ્ચ અધિકારીઓ નિરિક્ષણ કર્યુ : રસ્તા, સ્ટ્રીટ લાઇટ સફાઇ તેમજ વૃક્ષોના ટ્રીમીંગ માટે સંબંધિત વિભાગના અધિકારીઓને જરૂરી સુચના**

# આજથી એક્ઝિબીશન સેન્ટર ખાતે ખાદ્ય ખોરાક પ્રદર્શનનો આરંભાશે

**આજે મુખ્યમંત્રીના હસ્તે ખાદ્ય ખોરાક-૨૦૧૮નું ઉદ્‌ઘાટન : ચાર દિવસના પ્રદર્શનમાં ફૂડ ઈન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલ ટેકનોલોજીથી માંડીને માર્ગદર્શન મેળવવાની તક**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનરના સેક્ટર-૧૭માં હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે સ્થિત એક્ઝિબીશન સેન્ટરમાં તા. ૧૪મીથી તા. ૧૭મી ડિસેમ્બર દરમ્યાન ખાદ્ય-ખોરાક-૨૦૧૮ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં ખાદ્ય-ખોરાક ક્ષેત્રે ફુડ પ્રોસસીંગથી માંડીને પેકેજીંગ તેમજ હોસ્પિટલાલીટી અંગેની નવી ટેકનોલોજી અને નવા કન્સેપ્ટ રજૂ કરાશે. આ પ્રદર્શનનું રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે કાલે સવારે ૯.૪૫ કલાકે ઉદ્‌ઘાટન કરાશે.




ખાદ્ય-ખોરાક-૨૦૧૮ પ્રિમિયમ એક્ઝિબીશનમાં દેશભરમાંથી ખાદ્ય ઉત્પાદકો, ટેડર્સ, સપ્લાયર્સ, એક્સપોર્ટર્સ, ઈમ્પોટેર્સ તેમજ ખાદ્ય ઉદ્યોગ સાથે સંકળાયેલા તમામ માટે અનેકવિધ નવી પ્રોડક્ટ્સ તેમજ મશીનરી એક જ સ્થળે જોવાની તક પ્રાપ્ત થશે. આ એક્ઝિબીશનમાં હોટલ, રેસ્ટોરન્ટ, કેટરીંગ, બેકરી, મિઠાઈ, ફરસાણ, ડેરી, આઈસ્ક્રીમ, બેવરેજીસ, સોડા, નમકીન, ગૃહઉદ્યોગ, આયુર્વેદ, પેકેજીંગ, રેફ્રીજરેશન વગેરેની વિવિધ આધુનિક મશીનરી, સંપૂર્ણ પ્લાન્ટસ તેમજ ફૂડ પ્રોડક્ટ્સ, ગૃહ ઉદ્યોગ, મધ્યમ ઉદ્યોગથી માંડીને મોટા ઉદ્યોગ સ્થાપવા અંગે માર્ગદર્શન પ્રાપ્ત થઈ શકશે.

ગ્રામ સેવા મંદિર, નારદીપુર
આયોજીત
નારદીપુર સ્વપ્નદર્શી પર્વ
ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન
ગ્રામ સેવા મંદિર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ પીટીસી અને બીઆરએસની ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓનું સંમેલન આયોજેલ છે.
તા. ૨૩/૧૨/૨૦૧૮, રવિવાર ● સવારે ૧૦ થી ૧૨-૩૦
સ્થળ : મહિલા ગ્રામ વિદ્યાપીઠ કેમ્પસ, નારદીપુર
રજીસ્ટ્રેશન માટે www.nardipur.in પર લોગઓન કરો.
કૃષ્ણકાન્ત જહા (પ્રમુખ) ૯૮૨૫૦ ૩૬૦૪૯
નરેન્દ્ર પટેલ (મહામંત્રી) ૭૬૯૮૮૯૨૯૨૨
જયગોપાલ પંડિત (નિયામક) ૮૩૨૦૩૫૩૫૫૪
Nardipur Utsav
Nardipur Utsav

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com